ઈલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 16
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૩ | ૧૪ એપ્રિલ, ૨૦૧૪, સોમવાર; ચૈત્ર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મતદાન ફરજિયાત બનાવશું : અડવાણી

**ગાંધીનગર ખાતે ચૂંટણી કાર્યાલયના ઉદ્દઘાટન પ્રસંગે કાર્યકરોને સંબોધન કરતા પક્ષના વરિષ્ઠ નેતા અને ઉમેદવાર લાલકૃષ્ણ અડવાણીએ ચૂંટણી પ્રથામાં આમૂલ પરિવર્તનનું વચન આપ્યું હતું : ગુજરાત, મધ્યપ્રદેશ, ઝારખંડ જેવા રાજ્યોમાં ભાજપે સુશાસન અને વિકાસથી ૩-૩ વિધાનસભાના જંગ જીત્યા છે : પ્રાદેશિક પક્ષો ઉભરી પ્રજા સાથે છેતરપીંડી કરી નોંધારી છોડી દે છે તેને નાથવી પડશે**

ગાંધીનગર, તા. ૧૩

દેશની ચૂંટણી પ્રથામાં આમૂલ પરિવર્તન લાવવુ જરૂરી છે અને લોકોની ભાગીદારી સાચા અર્થમાં પ્રસ્થાપિત થાય તે માટે ભારતીય જનતા પક્ષ સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ દેશમાં ફરજીયાત મતદાનનો કાયદો લાવશે તેમ ભાજપના દિગ્ગજ નેતા અને ગાંધીનગર સંસદીય મતવિસ્તારના ઉમેદવાર શ્રી લાલકૃષ્ણ અડવાણીએ આજે જણાવ્યું હતું.

પોતાના ચૂંટણી કાર્યાલયનું ઉદ્દઘાટન કર્યા બાદ અડવાણીએ કાર્યકર્તાઓને સંબોધતાં જણાવ્યું હતુ કે ગુજરાત વિધાનસભાએ આ અંગેનો કાયદો તૈયાર કરી અને વિધાનસભામાં રજુ કર્યો હતો એટલુ જ નહિ પસાર પણ કરાવ્યો હતો પરંતુ રાજ્યપાલશ્રીએ તેની મંજૂરી આપી ન હતી.

તેમણે જણાવ્યુ હતુ કે મતદાનમાં ભાગ નહિ લેનાર સામે દંડનીય કાર્યવાહીમાં વધુ બે ચૂંટણી સુધી તેનું નામ મતદાર તરીકે ચાલુ નહિ રાખવામાં આવે તેવી જોગવાઈ કરવામાં આવશે. દંડમાં રોકડ રકમ વસુલવી વ્યાજબી નથી એટલે આવી હળવી સજાની જોગવાઈ કરાશે તેવી ખાત્રી પક્ષે તેના ચૂંટણી સંકલ્પપત્રમાં આવી છે.

શ્રી અડવાણીએ જણાવ્યુ હતુ કે ૧૯૫૨થી તેઓ ચૂંટણી પ્રક્રિયાના સાક્ષી રહ્યા છે. દેશમાં ચૂંટણી માટે અધધધ ખર્ચ થાય છે. ચૂંટણીમાં માત્ર ઉદ્યોગપતિઓ કે દાનવીરો નહિ પણ સામાન્ય માણસને જોડવાનું કામ કરવાનું છે. તેમણે જણાવ્યું કે પક્ષોને પણ ચૂંટણી ફંડ સરકાર દ્વારા જ આપવામાં આવે જેથી તેના હિસાબોમાં પણ વધુ પારદર્શિતા આવશે.

શ્રી અડવાણીએ આમ આદમી પાર્ટીના ઉદયનો ઉલ્લેખ કરી જણાવ્યુ કે પ્રજાને છેતરી અને જે રીતે નોંધારી છોડી દીધી તેવી પરિસ્થિતિઓ ફરી ના આવે તે માટે આ બધા સુધારા જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

## સાંસદ તરીકે ગાંધીનગર પ્રત્યે ધ્યાન નથી આપ્યુ : અડવાણીનો એકરાર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સાંસદ તરીકે જેટલું ધ્યાન આપવું જોઈએ તેટલું ધ્યાન રાષ્ટ્રીય સ્તરની જવાબદારીને લઈ આપી શકતો નથી તેનું મને દુઃખ છે તેવો એકરાર આજે ભાજપના દિગ્ગજ નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીએ કર્યો હતો.

ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તારના મુખ્ય કાર્યાલયના ઉદ્દઘાટન વિધિ બાદ કાર્યકર્તાઓને સંબોધતાં તેમણે આવો એકરાર કર્યો હતો. જો કે તેમણે જણાવ્યું હતું કે આમ છતાં જે જે બાબતો અને વિકાસના કામો ધ્યાને આવ્યા છે તેમાં સાંસદ તરીકે મેં મારી ભૂમિકા બજાવી જ છે.

તેમણે જણાવ્યું હતું કે ૬ વાર ગાંધીનગર સંસદીય મતવિસ્તારના મતદારોએ મને જે પ્રેમ, લાગણી, હૂંફ અને સ્નેહ આપ્યો છે તે કયારેય હું વિસરી શકીશ નહિ. આ વિસ્તારની પ્રજાએ જે વિશ્વાસનું મારા માટે સંવર્ધન કર્યું છે તેવું કોઈ અન્ય રાજકીય નેતાના જીવનમાં નહિ થયું હોય.

શ્રી અડવાણીએ પોતાના પ્રવચનના પ્રારંભમાં જ આ વાતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે મારો દિકરો જયંત અને દિકરી પ્રતિભા અત્યારે ચૂંટણી પ્રચાર માટેની જવાબદારી સંભાળી રહ્યા છે. તેઓ મતદારોને મળી તેમને મારા માટે રાખેલ પ્રેમ માટે આભારની લાગણી વ્યકત કરી વધુ ૧ વાર વિજયી બનાવવાની વાત કરે છે જેનો લોકો જે રીતે સ્વીકાર કરી રહ્યા છે તેનાથી વધુ ગર્વ એક રાજકીય નેતાને શું હોઈ શકે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં વિકાસની આહલેક મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ જે જગાવી છે તેના સૌ સાક્ષી છે. તેમણે જણાવ્યું હતું કે દિલ્હીમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ હવે પ્રધાનમંત્રી બનવાના છે ત્યારે વધુને વધુ મતદાન અને વધુ ને વધુ બેઠકો પર ભાજપનો વિજય એ જ આપણા સૌનું લક્ષ્ય છે.

શ્રી અડવાણીએ જણાવ્યું હતું કે એક ભારત-શ્રેષ્ઠ ભારત નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બનાવીને જ જંપીશું.

# સે-૧૯ સ્વીમીંગ પુલમાં ડૂબી જતા કીશોરનું કરૂણ મોત

**સ્વીમીંગ શીખવા ધાર્મિકે પુલમાં કુદકો માર્યો : પાણી પી જતા કરૂણ મોત : પેથાપુરના સુખડીયા પરિવાર પર આફત : ધો-૫ની પરીક્ષા ગઈ કાલે પૂર્ણ થયા બાદ ધાર્મિક ભાઈ સાથે સ્વીમીંગ શીખવા સે-૧૯ જીમખાના ગયો હતો**



ગાંધીનગર, તા.૧૩

સે-૧૯ના સ્વીમીંગ પુલમાં આજે સવારે ડૂબી જવાના લીધે સુખડીયા પરિવારના આશાસ્પદ કીશોરનું કરૂણ મોત નિપજયું હતું. ૧૧ વર્ષીય ધાર્મિક સુખડીયા ગઈ કાલે જ ધો-૫ની પરીક્ષા પૂર્ણ કરી સ્વીમીંગ શીખવા માટે તેના ભાઈ ધ્રુવિલની સાથે જીમખાના ગયો હતો. જયાં આજે તેણે પાણીમાં છલાંગ લગાવતા તરતા ન આવડતું હોવાના લીધે ગૂંગળામણ અનુભવી હતી. સ્વીમીંગ કોચે તેને બહાર કાઢી સારવાર માટે લઈ જતા હોસ્પિટલ પહોંચતા પહેલા જ તેનું મોત નિપજયું હતું. કરુણ ઘટનાના પગલે સમગ્ર સુખડીયા પરિવારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. સે-૧૭માં અંબિકા સ્વીટ માર્ટ નામની દુકાન ધરાવતા સુખડીયા પરિવારે દિકરો ગુમાવતા પરિવારજનો પણ આઘાતમાં સરી પડયા છે.

બનાવની પ્રાપ્ય માહિતી અનુસાર પેથાપુરની સોમનાથ સોસાયટીમાં બંગલા નં. ૬૬માં રહેતા કેતનભાઈ સુખડીયાના પુત્ર ધાર્મિક કેતનભાઈ સુખડીયા (ઉ.વ.૧૧) સે-૨૩ કડી કેમ્પસ સ્થિત એસ.જી. ઈંગ્લીશ મિડીયમમાં અભ્યાસ કરતો હતો. ધાર્મિકે ગઈ કાલે જ ધો-૫ની પરીક્ષા પૂર્ણ કરી હતી જયારે વેકેશન શરૂ થતા સ્વીમીંગ શીખવાની ઈચ્છા સાથે તેના ભાઈ ધ્રુવિલ સાથે આજે સવારે ૭-૩૦ કલાકે સે-૧૯ સ્થિત જીમખાના પહોંચ્યો હતો. સ્વીમીંગ પુલ નજીક જતાં જ ધાર્મિકે પાણીમાં જંપ લગાવ્યો હતો. જયારે તરતા ન આવડતું હોવાના લીધે પાણી પી જવાથી ગુંગળામણ અનુભવતો હતો. આ દરમિયાન પાણીમાં ડૂબેલા કીશોરને ફરજ પર હાજર સ્વીમીંગ કોચ રાકેશ ભટ્ટે પુલની બહાર કાઢયો હતો. કોચ તેમજ ડૉ. રાકેશ અખાણીએ ધાર્મિકના પેટમાંથી પાણી બહાર કાઢવા મસાજ કર્યો હતો પરંતુ તેની હાલત સ્વસ્થ જણાઈ ન હતી. આ દરમિયાન તાત્કાલિક સારવાર માટે તેને હોસ્પિટલ લઈ જવાતા રસ્તામાં જ તેનું કરુણ મોત નિપજયું હતું. સિવિલ હોસ્પિટલના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે સે-૨૧ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર જી.બી. પરમારે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ૧૧ વર્ષીય પુત્રના અચાનક મોતના સમાચાર સાંભળી પેથાપુરના સુખડીયા પરિવાર પર આભ ફાટી પયું હતું. ધાર્મિકના પિતા કેતનભાઈ સુખડીયા સે-૧૭માં સ્વીટમાર્ટની દુકાન ધરાવે છે. આ દુઃખદ ઘટનાના પગલે શહેરના સુખડીયા પરીવારો તેમજ વેપારીઓ સહિત પેથાપુર ગામમાં પણ આઘાત સાથે શોકની લાગણી વ્યાપી હતી સુખડીયા પરિવારે આશાસ્પદ પુત્ર ગુમાવતા પરિવારના સભ્યો ઘેરા શોકમાં ડુબી ગયા છે.

# પાસા માટેની પાંચ દરખાસ્તો તૈયાર

**મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે તંત્ર ચોંકાન્નુ બની કામગીરી કરી રહેલ છે : ૩૫૭૨ વ્યક્તીઓ સામે અટકાયતી પગલાંઓ પણ લેવામાં આવ્યા છે : ૫૦ તડીપારની દરખાસ્તો પણ કરી છે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં મુક્ત અને ન્યાયીક વાતાવરણમાં ચૂંટણીઓ યોજાય તે માટે પોલીસતંત્ર કટિબદ્ધ હોવાનું જિલ્લા પોલીસ વડાશ્રી શરદ સિંઘલે જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૫૬૧ કેસો પૈકી ૩૫૭૨ વ્યક્તીઓ સામે અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. પાંચ કિસ્સામાં પાસા માટેની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા વહીવટીતંત્રને આપવામાં આવી છે જેમાંથી એકનો સ્વીકાર થયો છે અને તેના વોરંટની બજવણી થવામાં છે.

ચૂંટણી પંચના નિરીક્ષકોની હાજરીમાં આજે યોજાયેલ પત્રકાર પરિષદમાં શ્રી સિંઘલે જણાવ્યું હતું કે પ્રોહીબીશન એક્ટના ભંગ બદલ ૩૮૯ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ ૨૮ જેટલા વાહનો પણ કબ્જે લેવામાં આવ્યા છે. પોલીસે ૧૨ લાખની મત્તાનો દેશી દારૂ તેમજ ઈંગ્લીશ દારૂનો જથ્થો પણ પકડી પાડેલ છે.

● અનુસંધાન પાન-૭ પર





પરીક્ષા અંતિમ તબક્કામાં - શાળાકીય પરીક્ષાઓ અંતિમ તબક્કામાં પ્રવેશી છે... કેટલીક શાળાઓમાં પરીક્ષાઓ સંપન્ન થઈ છે તો કેટલીક શાળાઓમાં એકાદ-બે દિવસમાં પૂર્ણ થશે.... નગરની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પરીક્ષાઓનો માહોલ છવાયેલો છે અને શાંતચિત્તે વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે... એકાદ-બે દિવસમાં પરીક્ષાઓ સંપન્ન થશે અને મે મહિનાના પ્રથમ સપ્તાહમાં પરીક્ષાનું પરિણામ જાહેર થશે અને વેકેશનનો માહોલ શરૂ થશે. (તસવીર : કશ્યપ નિમાવત)

## મતદાર જાગૃતિ માટે ૧૭મીએ માનવ સાંકળ રચવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

૩૦મી એપ્રિલના રોજ યોજાનાર લોકસભાની ચૂંટણીના મતદાન માટે મતદારોમાં જાગૃતિ આવે તે અંતર્ગત ૧૭મી એપ્રિલના રોજ માનવસાંકળ રચવામાં આવશે.

જિલ્લા કલેક્ટર ડૉ. પી. સ્વરૂપે આજે ગાંધીનગર ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે 'ચ' રોડ વિધાનસભા સામેના ખુલ્લા મેદાનમાં સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન આ માનવ સાંકળની રચના કરવામાં આવશે. જેમાં ગાંધીનગર શહેરના વસાહતીઓ, કર્મચારીઓ, પોલીસ જવાનો, કોલેજ તેમજ શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ મોટી સંખ્યામાં જોડાશે.




તેમણે જણાવ્યુ હતુ કે આ જ દિવસે જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં વાલીઓ દ્વારા પણ કોઈપણ જાતના પ્રલોભન સિવાય ગર્વ સાથે મતદાર તરીકે મતદાન કરવા અંગેની પ્રતિજ્ઞા લેવામાં આવશે.

આ પ્રતિજ્ઞા ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે મતદારોની જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો તંત્ર દ્વારા કરવામાં આવનાર છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૧૧ એપ્રિલના રોજ ગાંધીનગર શહેરના ૨૦ સ્થાનો સહિત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં યોજાયેલ સહિ ઝુંબેશ અભિયાનમાં ૨૨,૭૦૦ લોકોએ ભાગ લીધો હતો. ગાંધીનગર શહેરમાં ૧૬ હજાર જેટલા મતદારોએ ભાગ લીધો હોવાનું પણ તેમણે એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

ગાંધીનગર શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદારોની જાગૃતિ માટે ખાસ હોર્ડિંગ્સ પણ લગાવવામાં આવ્યા છે તેમજ આગામી દિવસોમાં અન્ય કાર્યક્રમોનું પણ આયોજન થઈ રહ્યું છે.


## NEWS બિટ્સ

**● રજનીકાન્તની મુલાકાતે નરેન્દ્ર મોદી**



દક્ષિણ ભારતના લોકપ્રિય અભિનેતા રજનીકાન્તની મુલાકાત માટે આજે નરેન્દ્ર મોદીએ ખાસ સમય ફાળવ્યો હતો. દક્ષિણ ભારતના ચૂંટણી પ્રવાસ દરમિયાન ચેન્નાઈ ખાતે ભાજપના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ દક્ષિણ ભારતનો ભાતીગળ પહેરવેશ લૂંગી અને શર્ટ પહેરીને રજનીકાન્તની મુલાકાત લીધી હતી.

**● મોદી ૨૨મીએ વારાણસીથી ઉમેદવારીપત્રક ભરશે**



ભાજપના વડાપ્રધાન પદના દાવેદાર નરેન્દ્ર મોદીએ વડોદરાથી ઉમેદવારી પત્રક ભર્યા બાદ ૨૨મી એપ્રિલે વારાણસીથી ઉમેદવારીપત્રક ભરશે. વારાણસીની બેઠક પ્રતિષ્ઠિત હોઈ નરેન્દ્ર મોદી અહીં વિશાળ કાફલા સાથે ઉમેદવારીપત્રક ભરવા જશે. વારાણસીમાં રસાકસીભર્યો જંગ હોઈ અહીં ચૂંટણી અંગે ભારે ઉત્તેજના છવાઈ છે.

**● ... તો રોબર્ટ વાડરા જેલમાં જશે : ઉમા ભારતી**



ગાંધી પરિવારના જમાઈ અને બિઝનેસમેન રોબર્ટ વાડરા વિશે એક વિવાદાસ્પદ નિવેદન કરતા ભાજપના દિગ્ગજ નેતા ઉમા ભારતીએ કહ્યું હતું કે જો હવે પછી એનડીએની સરકાર આવશે તો સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડરા કેટલાક જમીન કેસોમાં ભારે વિવાદમાં રહ્યા છે.

**● બેનીપ્રસાદ વર્માએ મોદી ચપ્પલ પહેર્યા**



વિવાદાસ્પદ નિવેદનો કરવા માટે જાણીતા કોંગ્રેસના અગ્રણી નેતા બેનીપ્રસાદ વર્મા મોદી ચપ્પલ પહેરેલા જોવા મળ્યા હતા. બેનીપ્રસાદ કેન્દ્રિય મંત્રી અને ઉત્તરપ્રદેશના ગોંડાના કોંગી ઉમેદવાર છે. તેઓએ આજે એક કાર્યક્રમ વખતે મોદી ચપ્પલ પહેર્યા હતા. જેની મિડીયાઓએ નોંધ લીધી હતી.

**● મીરઝાપુરના 'આપ'ના ઉમેદવારે ટીકીટ પરત આપી**

આમ આદમી પાર્ટીના ઉમેદવારોનો ટીકીટ પરત આપવાનો સીલસીલો જારી રહ્યો છે. મીરઝાપુરના 'આપ'ના ઉમેદવાર સુરેશ રત્નાકરે ટીકીટ પરત આપી દીધી છે. તેઓ અરવિંદ કેજરીવાલને પત્ર લખી પારિવારિક કારણોસર ટીકીટ પરત કરી હોવાનું જણાવ્યું છે.